# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 13-08-2025 Day: Wednesday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## ભચાઉમાં સ્વાતંત્ર્યપર્વની તૈયારી

સ્વાતંત્ર્યપર્વની જિલ્લાકક્ષાની ઉજવણી તૈયારીઓને આખરી ઓપ આપવા માટે આજરોજ ભચાઉ ખાતે સ્વાતંત્ર્ય પર્વની તૈયારીઓનું ગ્રાઉન્ડ રીહર્સલ યોજવામાં આવ્યું હતું.

આ રિહર્સલ દરમિયાન કલેક્ટર આનંદ પટેલે ધ્વજવંદન કરીને તિરંગાને સલામી આપી હતી. પોલીસ અને હોમગાર્ડની પરેડનું નિરીક્ષણ કરીને કલેક્ટરએ વિવિધ સ્કૂલના બાળકો દ્વારા આયોજિત સાંસ્કૃતિક કાર્યક્રમો નિહાળ્યા હતા. સરકારના નિયત પ્રોટોકોલ અનુસાર જિલ્લાકક્ષાની ઉજવણી કરવા સંબંધિત વિભાગના તમામ અધિકારીઓને જિલ્લા કલેક્ટરએ સૂચનાઓ આપી, માર્ગદર્શન પુરૂં પાડ્યું હતું.

ભચાઉના એસ.આર.પી. સંકુલ ખાતે થનારી ઉજવણી અંતર્ગત મેદાનમાં ત્રણ આધુનિક ડોમ બનાવાયા છે અને 2 હજાર 500 લોકો બેસી શકે, તેવી વ્યવસ્થાઓ ઊભી કરવામાં આવી છે. 15મી ઓગસ્ટના જિલ્લા કલેકટર દ્વારા ધ્વજવંદન કરાશે તથા પોલીસ પરેડ અને શ્રેષ્ઠ કામગીરી કરનાર કર્મચારીઓનું સન્માન કરવામાં આવશે. કચ્છની શાળાઓના 200 જેટલા વિદ્યાર્થી દ્વારા રાષ્ટ્રભક્તિ આધારિત સાંસ્કૃતિક કાર્યક્રમો આ પ્રસંગે રજૂ થશે. ભચાઉમાં આ જિલ્લાકક્ષાની ઉજવણીને લઈને લોકોમાં અનેરો ઉત્સાહ પણ જોવા મળી રહ્યો છે. આ ઉજવણીમાં નાગરિકો સહભાગી બને એવો અનુરોધ જિલ્લા વહીવટીતંત્ર કચ્છ દ્વારા કરવામાં આવ્યો છે.

**-------------------------------------------------------------------------------------**

## દિલ્હી સ્વાતંત્ર્યપર્વ : ગુજરાતના ત્રણ સરપંચને આમંત્રણ

15 ઓગસ્ટે નવી દિલ્હીમાં યોજાનાર સ્વતંત્રતા દિવસ સમારોહમાં 28 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના 210 પંચાયત પ્રતિનિધિઓ ખાસ મહેમાન તરીકે ઉપસ્થિત રહેશે. વિશેષ અતિથિઓમાં ગુજરાતના એક મહિલા સહિત 3 સરપંચોનો સમાવેશ થાય છે. ગુજરાતમાંથી આમંત્રણ આપવામાં આવેલા ત્રણેય સરપંચોએ પોતાના ગામમાં સ્વચ્છતા અને વિવિધ વિકાસલક્ષી કાર્યોને સાકાર કરી તેમણે “મોડેલ વિલેજ ઓફ રૂરલ ડેવલપમેન્ટ”નું સન્માન મેળવ્યું છે. અંજાર તાલુકાના ભીમાસર ગામના સરપંચ ડાઇબેન હુંબલ, નવસારી જિલ્લાનાં જલાલપુર તાલુકાનાં સુલતાનપુર ગામના સરપંચ શશિકાંત પટેલ અને ભરૂચ જિલ્લાનાં વાગરા તાલુકાના અખોડ ગામનાં સરપંચ નરેન્દ્રસિંહ સોલંકીનો વિશેષ અતિથિઓમાં સમાવેશ થાય છે.

---------------------------------------------------------------------------------------

## ભડલી ગામમાં તિરંગાયાત્રા

હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત નખત્રાણા તાલુકાના ભડલી ગામમાં અનોખી તિરંગા યાત્રા યોજાઈ હતી. મદરેસા તાલીમુલ ઇસ્લામના વિદ્યાર્થીઓએ 50 ફૂટ લાંબા તિરંગા સાથે યાત્રા કાઢી દેશભક્તિની ભાવના રજૂ કરી હતી.

આ તિરંગા યાત્રામાં ધોરણ 1થી 9ના કુલ 62 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં 22 છોકરીઓ અને 40 છોકરાઓ સામેલ હતા. વિદ્યાર્થીઓએ ચંપલ પહેર્યા વગર ખુલ્લા પગે યાત્રા કરી દેશ પ્રત્યેનો પ્રેમ દર્શાવ્યો હતો. કાર્યક્રમમાં મોલાના અબ્દુલરઝાક સહિત ભડલી મુસ્લિમ નવયુવક મંડળના પ્રમુખ ગુલામ મકવાણા, મુસ્તાક નોડે અને અઝીઝ નોડે ઉપસ્થિત રહ્યા હતા.

---------------------------------------------------------------------------------------

## બજારમાં રાષ્ટ્રધ્વજ

સમગ્ર દેશની સાથે સરહદી કચ્છ જિલ્લામાં પણ  સ્વતંત્રતા પર્વને મનાવવા માટેનો થનગનાટ જોવા મળી રહ્યો છે. આઝાદી પર્વની ઉજવણીમાં હવે રાષ્ટ્રધ્વજની સાથે અલગ અલગ પ્રકારની વસ્તુના ઉપયોગનું ચલણ નોંધપાત્ર રીતે વધ્યું છે. આઝાદી પર્વને વિશિષ્ટ રીતે મનાવવા માટે બજારમાં અલગ અલગ 100થી વધુ વેરાયટી બજારમાં ઉપલબ્ધ છે. નાના

અને મિડિયમ સાઈઝના ઝંડા ઉપરાંત ખાદીના કાપડમાંથી બનેલા રાષ્ટ્રધ્વજ તેમજ ખેસ, હાથમોજાં, ટોપી, ગાડીમાં લગાવવા માટેના ઝંડા અને ઘડિયાળ, સાફા, અલગ અલગ પ્રકારના બેજ સહિતની અઢળક વેરાયટી બજારમાં જોવા મળી રહી છે.

---------------------------------------------------------------------------------------

## હવામાન

બંગાળની ખાડીમાં સર્જાયેલું સાયક્લોનિક સર્ક્યુલેશનની અસર તળે કચ્છ સહિત રાજ્યમાં વરસાદ પડવાની સંભાવના છે. હવામાન વિભાગે સાતમ-આઠમના પર્વે કચ્છમાં પણ ગાજવીજ સાથે હળવા-મધ્યમ વરસાદ વરસવાની આગાહી કરી છે. આ સિસ્ટમની અસર તળે વાતાવરણમાં બદલાવની અસર જોવા મળી રહી હોય તેમ ભુજ સહિત જિલ્લામાં વાદળોની આવનજાવન વધેલી જોવા મળી રહી છે. બંગાળની ખાડીમાં સર્જાયેલું હવાનું હળવું દબાણ ગુજરાત પરથી પસાર થઇ અરબી સમુદ્રમાં જવાની હાલની સંભાવના જોતાં કચ્છમાં પણ 18મી તારીખ બાદ ભારે વરસાદ વરસે તેવી શક્યતા હવામાન નિષ્ણાતો દ્વારા વ્યક્ત કરવામાં આવી છે

---------------------------------------------------------------------------------------

## ભુજ સાતમ આઠમનો મેળો

ભુજમાં સાતમ-આઠમના  મેળાની તૈયારીઓનો ધમધમાટ પુરજોશમાં ચાલી રહ્યો છે. ભુજમા હમીરસર કાંઠે મહાદેવનાકાથી ઉમેદનગર માર્ગ તથા ખેંગાર બાગ સુધી યોજાતો સાતમ-આઠમનો મેળો છેલ્લાં કેટલાંક વર્ષોથી રવિવાર આસપાસ આવતો હોવાથી ચારેક દિવસ યોજાઇ રહ્યો છે. રમકડાં, ચકડોળ, ખાણીપીણી સહિતની વસ્તુના સ્ટોલ લેનારાઓએ તૈયારી શરૂ કરી દીધી છે. સ્ટોલના પ્લોટ પાડવા ચૂનાના પટ્ટા દોરાતાં જ ભુજવાસીઓમાં મેળો માણવાની ઉત્કંઠા જાગી છે. મેળાના પ્રવેશદ્વાર પૈકીના ઉમેદનગર માર્ગ પર અંતર વધી જતાં લોકોને ખૂબ ચાલવું પડતું હોવાથી લેકવ્યૂ બાદ થોડાં અંતરે પાર્કિંગ વ્યવસ્થા ગોઠવવા સાથે પ્રવેશ અપાય તેવી લોકમાંગ  ઊઠી છે.

---

## ભુજમાં રાષ્ટ્રધ્વનું વિતરણ

લોકોમાં રાષ્ટ્રધ્વજ અને દેશ માટે ગર્વની ભાવના જાગે તે હેતુસર ભુજ નગરપાલીકા દ્વારા આજથી નિ:શુલ્ક ધ્વજ વિતરણ કરવામાં આવી રહ્યા છે. 15 ઓગસ્ટ સુધી સવારે સાડા દસ વાગ્યાથી સાંજના 5 વાગ્યા સુધી ભુજ નગરપાલિકાના કર્મચારીઓ દ્વારા ધ્વજ વિતરણ કરાશે. શહેરના જુદા જુદા વોર્ડમાં આવેલી વોર્ડ ઓફિસ ખાતે ધ્વજ વિતરણ કરવામાં આવશે.

---